ભાજપ મોદીત્વથી ચૂંટણી જીત્યું

રાજ્યમાં ભાજપનું સ્ટીમ રોલર ફરી વળ્યું : ભાજપ સામે મોંઘવારી, પેપર ફુટવાની ઘટના, જુની પેન્શન યોજના સહિતના મુદ્દા ન નડ્યા

સુરત, તા.૯

૨૦૨૨ ગુજરાત વિધાનસભાની ચુંટણીમા ભાજપ સામે મોટા પડકાર છતાં પરિણામમાં ભાજપને ૧૫૬ બેઠક મળવા સાથે ભાજપનું સ્ટીમ રોલર ફરી વળ્યું છે. ભાજપે ૬૦ વર્ષના રેકર્ડમાં માધવસિંહ સોલંકીનો રેકર્ડ તોડ્યો છે. આ ચુંટણીમા મત મોદીને મળતાં ભાજપનો જય ઘોષ થયો છે અને કોંગ્રેસનો કચ્ચરઘાણ થઈ ગયો છે. ભાજપ સામે અનેક મુદ્દા હોવા છતાં મોદીના કારણે ભાજપને જવલંત વિજય મળ્યો છે. અત્યાર સુધી ભાજપ હિન્દુત્વના નામે વિજય મેળવતું હતું પરંતુ આ વિજય બાદ ગુજરાતના રાજકારણમાં અને ખાસ કરીને મતદારોમાં નવો શબ્દ ચર્ચામાં આવ્યો છે તે છે મોદીત્વ, મોદીના નામે જ ભાજપના નબળા અને વિરોધ હોવા છતાં ઉમેદવારો જીત્યા તેથી હિન્દુત્વ બાદ મોદીત્વથી ચુંટણી જીતી શકાય છે તેવી ચર્ચા જોરોશોરમાં થઈ રહી છે. ૨૦૨૨ ગુજરાત વિધાનસભાની ચુંટણી પહેલાં ભાજપ સામો મોંઘવારી, પેપર ફુટવાની ઘટના, મોરબી દુર્ઘટના, જુની પેન્શન યોજના, રિમોર્ટ કંટ્રોલથી ચાલતી સરકાર સાથે ૨૭ વર્ષથી ચાલતી સરકાર સામે એન્ટી ઈંકમબન્સી સૌથી મોટો પડકાર હતા. આ ચુંટણી પહેલાં ભાજપે અનેક પાસા ગોઠવ્યા પરંતુ ચુંટણીની તારીખ નજીક આવતી ગઈ તેમ ભાજપના મોટા ભાગના પાસા નબળા સાબિત થતાં જોવા મળ્યા હતા. ભાજપ માટે એવી સ્થિતિ આવીને ઉભી રહી ગઈ હતી કે કેટલાક નેતાઓ કેટલાક વિસ્તારમાં પ્રચાર માટે પણ જઈ શકતાં ન હતા. સુરત સહિત ભાજપના અનેક ઉમેદવારો સામે ભાજપમાં જ ભારે વિરોધ અને લોકોમાં પણ વિરોધ હોવાના કારણે ભાજપ સુરતમા પણ કેટલીક બેઠક ગુમાવે તેવું કહેવાતું હતું. જોકે, ચુંટણી પહેલાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો સુરત સહિત ગુજરાતના પ્રવાસે આખી બાજી પલ્ટી નાંખી હતી. વડાપ્રધાન મોદીએ ઉમેદવારના નામે નહીં પરંતુ પોતાના નામે મત માગવાની અપીલ લોકો માટે અસરકારક સાબિત થઈ ગઈ હતી. વડાપ્રધાન નરેન્દ્ર મોદીની લોકપ્રિયતાના કારણે લોકો ઉમેદવારો સામેનો રોષ ભુલી ગયાં હતા અને મોદીના નામે મત આપી દેતાં ભાજપને ક્લીન સ્વીપ મળી હતી. જે પાટીદાર બેઠક પર ભારે રસાકસી થશે તેવી ગણતરી થતી હતી તે બેઠકો ભાજપ ઘણી જ સરળતાથી કોઈ પણ મોટી સ્પર્ધા વિના જીતી ગઈ હતી. ભાજપ સામે સૌથી મોટો પ્રશ્ન બળવાખોર ઉમેદરાવ અને નારાજ નેતાઓનો હતો પરંતુ મોદી મેજીક સામે આ લોકો પણ કંઈ ઉકાળી શક્યા નથી.

પહેલાં ભાજપ હિન્દુત્વના નામે ચુંટણી જીતી જતું હતું પરંતુ જે રીતે સુરત સહિત ગુજરાતમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ અનેક સભાઓ કરીને ગુજરાત ધમરોળ્યું અને પોતાના નામે મત માગ્યા અને લોકોએ મોદીની અપીલ માની ભાજપને જીતાડતા હવે ભાજપ હિન્દુત્વ સાથે સાથે મોદીત્વથી પણ ચુંટણી જીતી રહ્યું છે તેવી લોકોમાં ચર્ચા થઈ રહી છે. આવી સ્થિતિના કારણે ૨૦૨૨ની ચુંટણી બાદ રાજકારણની ડાયરીમાં ચુંટણી જીતવા માટે હિન્દુત્વ સાથે મોદીત્વ શબ્દો ઉમેરાયો છે તેવું મતદારો કહી રહ્યાં છે.

રાજ્યના કયા જિલ્લામાં કોને, કેટલી બેઠક

જિલ્લો	ટોટલ	ભાજપ	કોંગ્રેસ	આપ	અન્ય
કચ્છ	૬	૬	૦	૦	૦
બનાસકાંઠા	૯	૪	૪	૦	૧
પાટણ	૪	૨	૨	૦	૦
મહેસાણા	૭	૬	૧	૦	૦
સાબરકાંઠા	૪	૩	૧	૦	૦
અરવલ્લી	૩	૨	૦	૦	૧
ગાંધીનગર	૫	૫	૦	૦	૦
અમદાવાદ	૨૧	૧૯	૨	૦	૦
સુરેન્દ્રનગર	૫	૫	૦	૦	૦
મોરબી	૩	૩	૦	૦	૦
રાજકોટ	૮	૮	૦	૦	૦
જામનગર	૫	૪	૦	૧	૦
દેવભુમિદ્વારકા	૨	૨	૦	૦	૦
પોરબંદર	૨	૦	૧	૦	૦
જુનાગઢ	૫	૩	૧	૧	૦
ગીરસોમનાથ	૪	૩	૧	૦	૦
અમરેલી	૫	૫	૦	૦	૦
ભાવનગર	૭	૬	૦	૧	૦
બોટાદ	૨	૧	૦	૧	૦
આણંદ	૭	૫	૨	૦	૦
ખેડા	૬	૬	૦	૦	૦
મહીસાગર	૩	૨	૧	૦	૦
પંચમહાલ	૫	૫	૦	૦	૦
દાહોદ	૬	૬	૦	૦	૦
વડોદરા	૧૦	૯	૦	૦	૧
છોટાઉદેપુર	૩	૩	૦	૦	૦
નર્મદા	૨	૧	૦	૧	૦
ભરૂચ	૫	૫	૦	૦	૦
સુરત	૧૬	૧૬	૦	૦	૦
તાપી	૨	૨	૦	૦	૦
ડાંગ	૧	૧	૦	૦	૦
નવસારી	૪	૩	૧	૦	૦
વલસાડ	૫	૫	૦	૦	૦
ટોટલ	૧૮૨	૧૫૬	૧૭	૫	૩

ઈવીએમના બદલે બેલેટથી ચૂંટણી કરાવવાની માગ

સાત ટર્મ ધારાસભ્ય છોટુ વસાવાએ હારનું ઠિકરું ઈવીએમ પર ફોડ્યું

છોટુ વસાવા ૧૯૯૦થી સતત જીતતા આવ્યા છે, જો કે, ૨૦૨૨માં છોટુ વસાવાએ પણ હારનો સામનો કરવો પડ્યો છે

ભરૂચ,તા.૯

ભરૂચ જિલ્લાની ઝઘડિયા બેઠક પર ૩૨ વર્ષથી ધારાસભ્ય પદ ભોગવનાર છોટુ વસાવાની ૨૦૨૨ના ચૂંટણી જંગમાં ભાજપના રિતેશ વસાવા સામે હાર થતા છોટુ વસાવાએ પોતાની હારની ઠિકરું ઈફ્ફ પર ફોડ્યું છે. છોટુ વસાવાએ ઈ ફ્ ર ની જગ્યાએ બેલેટ પેપરથી ચૂંટણી કરાવવાની માગ કરી છે.ભરૂચની ઝઘડિયા બેઠક પરથી છોટુ વસાવા ૧૯૯૦થી સતત જીતતા આવ્યા છે. જો કે, ૨૦૨૨માં છોટુ વસાવાએ પણ હારનો સામનો કરવો પડ્યો છે. છોટુ વસાવાએ પોતાની હાર બાદ કહ્યું હતું કે, ઈફ્ફ કારણે હાર થઈ છે. તેમણે ઈફ્ફના સ્થાને બેલેટ પેપરથી ચૂંટણી યોજવાની પણ માગ કરી છે.છોટુ વસાવા પહેલા જેડીયુમાંથી ચૂંટાઈ આવતા હતા અને ૨૦૧૭માં ૐમાંથી ચૂંટાયા હતા. જો કે, આ વખતે ઝઘડિયા બેઠક પર છોટુ વસાવાની જગ્યાએ તેમના પુત્ર મહેશ વસાવાએ ૐમાંથી ઉમેદવારી કરી હતી. જેના કારણે નારાજ થયેલા છોટુ વસાવાએ પોતાની પરંપરાગત બેઠક પરથી અપક્ષ તરીકે ઝંપલાવ્યું હતું. જો કે, બાદમાં મહેશ વસાવાએ પોતાનું ફોર્મ પરત ખેંચી લીધું હતું. પરંતુ, અહીં છોટુ વસાવાએ અપક્ષ તરીકે જ ચૂંટણી લડવી પડી હતી. ઝઘડિયા બેઠક પર આ વખતે છોટુ વસાવાની સીધી ટક્કર ભાજપના રિતેશ વસાવા સામે હતી. અહીં આમ આદમી પાર્ટીમાંથી ઉર્મિલા ભગત અને કોંગ્રેસમાંથી ફતેસિંગ વસાવા મેદાનમાં હતા.

આ વખતે કોંગ્રેસનું પ્રદર્શન ઘણું નબળું રહ્યું

ગુજરાતમાં અત્યાર સુધીની સૌથી ખરાબ સ્થિતિમાં કોંગ્રેસ

૨૦૦૨ની વિધાનસભા ચૂંટણીમાં કોંગ્રેસને ૫૦ બેઠકો મળી હતી, જ્યારે ૨૦૦૭માં તેને ૫૯ બેઠકો મળી હતી

અમદાવાદ, તા.૯

ગુજરાત વિધાનસભાની ચૂંટણીના પરિણામો જાહેર થઈ ગયા છે. આ વખતે કોંગ્રેસનું પ્રદર્શન ઘણું નબળું રહ્યું છે અને તે ૧૭ બેઠકો પર આવી ગઈ છે. રાજ્યમાં દેશની સૌથી જૂની પાર્ટીનું અત્યાર સુધીનું આ સૌથી ખરાબ પ્રદર્શન છે. આ પહેલા ૧૯૯૦ની ચૂંટણીમાં કોંગ્રેસનો દેખાવ સૌથી નીચો ગયો હતો. ત્યારે પાર્ટીને માત્ર ૩૩ સીટો મળી હતી. ૨૦૦૨ની વિધાનસભા ચૂંટણીમાં કોંગ્રેસને ૫૦ બેઠકો મળી હતી, જ્યારે ૨૦૦૭માં તેને ૫૯ બેઠકો મળી હતી. આ ઉપરાંત, ગત ચૂંટણીમાં કોંગ્રેસને ૭૭ બેઠકો મળી હતી. સત્તા વિરોધી લહેરને વાતને નકારીને, ભાજપે તેના અગાઉના રેકોર્ડને પણ પાછળ છોડી દીધા છે. આ વખતે ભાજપે ગુજરાત વિધાનસભાની કુલ ૧૮૨ બેઠકોમાંથી ૧૫૬ બેઠકો જીતી છે. ભાજપને આ અગાઉ ૨૦૦૨ની ચૂંટણીમાં ૧૨૭ બેઠકો મળી હતી, પરંતુ ત્યારપછીની ચૂંટણીઓમાં પાર્ટીની બેઠકો ઘટતી રહી હતી. ૨૦૧૭ની ચૂંટણીમાં ભાજપને ૯૯ બેઠકો મળી હતી. ભાજપની પ્રચંડ જીતથી ગુજરાતમાં બે દાયકા પછી માત્ર સત્તા પર પાછા ફરવાની કોંગ્રેસની આશાને ફટકો પડ્યો જ નથી, પરંતુ રાજ્યમાં ફરીથી ઉભરી આવવાની પાર્ટીની આશાઓ લગભગ પૂરી થઈ ગઈ છે. ગુજરાતમાં આમ આદમી પાર્ટીની એન્ટ્રીથી કોંગ્રેસને સૌથી વધુ નુકસાન થયું હોવાની ચર્ચા રાજકીય નિષ્ણાતો કરી રહ્યા છે. તેનો સીધો ફાયદો રાજ્યમાં છેલ્લા બે દાયકાથી સત્તારૂઢ ભાજપને મળ્યો હતો. ગુજરાતમાં અત્યાર સુધી માત્ર બે જ પક્ષો કોંગ્રેસ અને ભાજપ ચૂંટણીમાં સામસામે હતા. પરંતુ આ ચૂંટણીમાં દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલની આમ આદમી પાર્ટીના પ્રવેશથી મુકાબલો ત્રિપાંખીયો બની ગયો હતો. આ સાથે આપએ ચૂંટણીમાં પુરી તાકાત લગાવી દીધી હતી. કેજરીવાલે તમામ ૧૮૨ બેઠકો માટે ઉમેદવારો તો ઉભા રાખ્યા જ હતા, પરંતુ તેની સામે વિશાળ ચૂંટણી રેલીઓ પણ યોજી હતી. માનવામાં આવે છે કે, આની સીધી અસર કોંગ્રેસની વોટ બેંક પર પડી હતી. જ્યારે, ભાજપના પરંપરાગત મતદારો તેની સાથે રહ્યા હતા. જણાવવામાં આવી રહ્યું છે કે, કોંગ્રેસના મતોના વિભાજનને કારણે ભાજપની બેઠકો વધુ વધી છે. ગુજરાત વિધાનસભા ચૂંટણી દરમિયાન કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી તેમની ભારત જોડો યાત્રામાં વ્યસ્ત હતા. તેમણે ગુજરાતમાં પાર્ટી માટે બહુ ઓછું પ્રચાર કર્યો હતો. કોંગ્રેસે રાજ્યમાં તેના અગ્રણી નેતા રાહુલ ગાંધીની માત્ર એક કે બે જાહેર સભાઓ યોજી હતી. તેનાથી વિપરિત વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પોતાના ગૃહ રાજ્યમાં પડાવ નાખ્યો હતો. ગુજરાતમાં કોંગ્રેસનો કોઈ ફાયરબ્રાન્ડ નેતા કે મોટો ચહેરો ન હોવાનું પણ પક્ષને નુકસાન થયું છે. આ ઉપરાંત, પાર્ટીએ મુખ્યમંત્રી પદના ઉમેદવાર તરીકે કોઈ નેતાને જાહેર કર્યા નથી. ગુજરાતમાં કોંગ્રેસ લાંબા સમયથી આંતરિક કલેશ અને સંગઠનાત્મક પડકારોથી ઝઝૂમી રહી છે. વિધાનસભાની ચૂંટણી પહેલા અનેક દિગ્ગજ નેતાઓ કોંગ્રેસ છોડીને ભાજપમાં જોડાયા હતા. આ નેતાઓમાં યુવા પાટીદાર નેતાઓ હાર્દિક પટેલ, અલ્પેશ ઠાકોર સહિતના નેતાઓ જોડાયા હતા.

સસરા-જમાઈ જુદી જુદી બેઠક પરથી લડ્યા હતા

જમાઈ ભાજપમાંથી જીત્યા, સસરા કોંગ્રેસમાંથી હાર્યા

છોટાઉદેપુર અને જેતપુર પાવી બેઠક પર આપના ઉમેદવારોએ કોંગ્રેસની બાજી બગાડી હતી

વડોદરા, તા.૯

વડોદરા જિલ્લામાંથી છુટા પડેલા છોટા ઉદેપુર જિલ્લામાં સસરા અને જમાઈ બે અલગ અલગ બેઠક ઉપરથી ચૂંટણી લડ્યા હતા. જેમાં સસરાનો પરાજય થયો હતો. આ બંને બેઠકો ઉપર આપના ઉમેદવારો નિર્ણાયક બન્યા હતા.

છોટાઉદેપુર બેઠક ઉપરથી કોંગ્રેસના સિનિયર ધારાસભ્ય મોહનસિંહ રાઠવાના પુત્ર રાજેન્દ્ર રાઠવા ભાજપમાંથી ચૂંટણી લડ્યા હતા. જ્યારે આ જ જિલ્લાની જેતપુર પાવી બેઠક પરથી રાજેન્દ્રસિંહના સસરા સુખરામભાઈ રાઠવાએ કોંગ્રેસમાંથી ઉમેદવારી કરી હતી. ઉપરોક્ત બંને બેઠક ઉપર આપના ઉમેદવારોએ કોંગ્રેસની બાજી બગાડી હતી. છોટાઉદેપુર સીટ પર કોંગ્રેસના ઉમેદવાર સંગ્રામસિંહ રાઠવાને ૪૫૬૯ મત મળ્યા હતા જ્યારે આપના ઉમેદવાર અર્જુન રાઠવાને ૪૩૮૮૦ મત મળ્યા હતા. જ્યારે ભાજપના રાજેન્દ્રસિંહને ૭૫૧૨૯ મળ્યા હતા. જેથી તેમનો વિજય થયો હતો. તો જેતપુર પાવીની સીટ ઉપર ભાજપના જયંતિ રાઠવાને ૮૧૭૦૦ મત મળ્યા હતા. જ્યારે કોંગ્રેસના સુખરામભાઈ રાઠવાને ૩૧૬૬૦ મત મળ્યા હતા. આપના રાધિકાબેન રાઠવાને ૪૫૨૦૩ મત મળ્યા હતા. જેથી જમાઈ રાજેન્દ્રસિંહનું ભાજપમાંથી વિજય થયો હતો જ્યારે સસરા સુખરામભાઈનો કોંગ્રેસમાંથી પરાજય થયો હતો.

ખતરનાક સ્વરૂપ

● અનુસંધાન પહેલાનું ચાલુ

દક્ષિણ કોસ્ટલ આંધ્રપ્રદેશમાં ફેલાઈ જશે. આ વિસ્તારોમાં ૯ ડિસેમ્બરે વરસાદ ચાલુ રહેશે, પરંતુ રાયલસીમામાં પણ વરસાદ જોવા મળશે. અહીં ૧૦ ડિસેમ્બરે પણ વરસાદ ચાલુ રહેશે અને કેરળ અને દક્ષિણ કર્ણાટકમાં શરૂ થશે. ૧૧ અને ૧૨ ડિસેમ્બરે પાંચેય સબ ડિવિઝનમાં ભારે વરસાદ પડશે. પુડુચેરીમાં વરસાદને કારણે શાળાઓમાં બે દિવસની રજા જાહેર કરવામાં આવી છે. વરસાદને કારણે તમિલનાડુના થેની જિલ્લા અને કોડાઈકેનાલના સિરુમલાઈ વિસ્તારની શાળાઓમાં રજા જાહેર કરવામાં આવી છે.

સિલેન્ડર ફાટ્યા

● અનુસંધાન પહેલાનું ચાલુ

પણ ઘાયલ થયા હોવાની સૂચના મળી રહી છે. પ્રાપ્ત વિગતો અનુસાર જોઈએ તો, ૩૫ લોકોના હાલત ગંભીર હોવાનું કહેવાય છે. આ દુર્ઘટના બાદ લગ્ન પ્રસંગ અને આખા ગામમાં માતમ છવાયો હતો. કહેવાય છે કે, લગ્ન પ્રસંગ દરમિયાન ખાવાનું બની રહ્યું હતું અને ગામલોકો ભોજન લઈ રહ્યા હતા. આગ લાગતા જ ખાવાનું બનાવતા લોકો ગેસનો ચૂલો છોડીને ભાગવા લાગ્યા. પાઈપ પણ સળગી ગયા અને તેના કારણે ગેસ લીકેજ થતો રહ્યો અને તેનાથી મોટી દુર્ઘટના થઈ હતી. સૂચના મળતા જોધપુરથી એક ફાયર વિભાગની ગાડી ઘટનાસ્થળે આવી ગઈ. ૬૦ ઘાયલ લોકોને શેરગઢ, બાલેસર તથા સેતરાવાની હોસ્પિટલ લઈ ગયા હતા. જ્યાં પ્રાથમિક સારવાર બાદ અમુક લોકોને ઘરે જવા દીધા હતા. યારે ૫૧ જણાંને જોધપુરની મહાત્મા ગાંધી હોસ્પિટલમાં રેફર કર્યા છે.

નારેબાજી

● અનુસંધાન પહેલાનું ચાલુ

પ્રતિભાસિંહને મુખ્યમંત્રીના પ્રબળ દાવેદાર માનવામાં આવી રહ્યા છે. તો પેલી બાજુ પાર્ટીના પુર્વ પ્રમુખ સુખવિંગરસિંહ સુક્ખુ અને કોંગ્રેસ ધારાસભ્યના વર્તમાન નેતા મુકેશ અગ્નિહોત્રી પણ સીએમ પદના દાવેદારની રેસમાં સામેલ છે. આ સિવાય પણ બીજા કેટલાક નેતાઓ સીએમ પદની ઈચ્છા લઈને આશા રાખીને બેઠા છે. હિમાચલ પ્રદેશમાં કુલ ૬૮ વિધાનસભા સીટો છે. કોઈપણ પાર્ટીને સરકાર બનાવવા માટે ૩૫ સીટોની જરૂર હોય છે. કોંગ્રેસે અહીં ૪૦ સીટો જીતી છે. ભાજપને ૨૫ જ્યારે અન્યને ત્રણ બેઠકો મળી છે. આપે એક પણ સીટ જીતી નથી. આ ચૂંટણીમાં ૪૧૨ ઉમેદવારોનું ભાવિ દાવ પર હતું. હિમાચલ પ્રદેશમાં ચૂંટણી જીત્યા બાદ પણ કોંગ્રેસ હવે પોતાના ધારાસભ્યો તૂટવાની ચિંતામાં છે. પરિણામ આવ્યા પછી, છત્તીસગઢના સીએમ અને ચૂંટણી નિરીક્ષક ભૂપેશ બઘેલે હોર્સ ટ્રેડિંગ પર નિવેદન આપ્યું હતું કે કોંગ્રેસમાંથી જીતેલા ધારાસભ્યોને ભાજપથી ખતરો છે. ભાજપ કંઈ પણ કરી શકે છે. તમારે તમારા સાથીઓનું ધ્યાન રાખવું પડશે. વિજેતા ધારાસભ્યોને રાયપુર ખસેડવામાં આવશે તેવી ચર્ચા હતી

નવા થાંભલા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પંચાયત અને પેથાપુર નગરપાલિકા દ્વારા સ્ટ્રીટ લાઈટ લગાડવામાં આવ્યા બાદ તેના વીજળીના બિલ ભરવામાં આવી રહ્યાં છે. જયારે રહેણાંક હોય તેવા વિસ્તારમાં પ્રથમ કામ કરાશે પ્રથમ તબક્કે જ ૧ હજારથી વધુ એલઈડી સ્ટ્રીટ નાખવામાં આવશે ગુડાએ અલગ અલગ નગર રચના યોજનાના વિસ્તારમાં મુખ્ય માર્ગો પર અત્યાર સુધીમાં ૭૫૦ જેટલા સ્ટ્રીટ લાઈટના પોલ લગાડી દેવાયા છે, પરંતુ આ વિસ્તાર હવે મહાપાલિકામાં સામેલ કરી દેવાયો છે. ઉપરોક્ત કામગીરી પાછળ રૂપિયા ૨.૫૦ કરોડ ખર્ચાયા છે. હવે વધુ ૧૦૦૦ જેટલા નવા પોલ લગાડાશે. દરેક મુખ્ય માર્ગના પોલ પર ૧૨૦ વોટની અને આંતરિક માર્ગના પોલ પર ૬૦ વોટની એલઈડી લાઈટનું કામ કરાશે જયારે ગાંધીનગર શહેરી વિકાસ સતામંડળની આ કામગીરી ને અનુલક્ષી એલઈડી લાઈટની જાળવણી પણ નિયત સમય સુધી કરવાનો કરાર પણ કોન્ટ્રાક્ટ ધોરણે કરવામાં આવશે.

ત્રિપુટી

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ડેડિયાપાડા બેઠક પરથી તો ડૉ. દર્શિતા શાહ રાજકોટ પશ્ચિમ બેઠક પરતી વિજયી થયઈ આવેલ છે. વેટરનરી ડૉક્ટર બોદ સરકારમાં અધિકારી તરીકે સેવા આપનાર ડૉ. સી. જે. ચાવડા વિજાપુર બેઠક પરથી ચૂંટાઈ આવ્યા છે. આ અગાઉ તેઓ ગાંધીનગરની બેઠકનું બે વાર પ્રતિનિધિત્વ કરી ચૂક્યા છે.

ગાંધીનગરના પૂર્વ મેયર રીટાબેન પટેલ ગાંધીનગર (ઉ) બેઠકનું પ્રતિનિધિત્વ કરશે તો વડોદરાના મેયર રોકડિયા પણ વડોદરાનું પ્રતિનિધિત્વ કરશે. અમદાવાદના પૂર્વ ડે. મેયર દર્શના વાઘેલા ગૃહમાં પ્રવેશ કરી રહ્યા છે.

ભાજપને ડર હતો એ મુદ્દાને મહિલાઓએ બાજુએ મૂક્યા

મહિલાઓના વધુ મતદાનવાળી ૧૦ બેઠક પર ભાજપના ઉમેદવારો જીત્યા

કોંગ્રેસ અને આમ આદમી પાર્ટીને બંનેને એકબીજાથી આ દસ સીટો પર એક-એક સીટનું નુકશાન ગયું હતું

અમદાવાદ, તા.૯

વિધાનસભા ચૂંટણીમાં ભાજપના નેતાઓ અને કાર્યકરો જે મુદ્દાથી ફફડટા હતા, તે મુદ્દાને ગૃહીણીઓએ સાઈડમાં મુકીને ભાજપની જોળીમાં મતોનો વરસાદ કર્યો હોવાનું કેટલીક સીટોના તારણ પરથી સ્પષ્ટ થાય છે. રાજ્યમાં ૧૮૨માંથી દસ વિધાનસભા સીટો પર પુરૂષો કરતા મહિલાઓએ વધુ મતદાન કર્યું હતું.

આ દસે-દસ સીટો ભાજપની જોળીમાં ગઈ હતી. આમ, આ ચૂંટણીમાં મહિલા મતદારોએ પણ મોંઘવારીના મુદ્દાને સાઈડમાં મુકીને ભાજપ તરફી વલણ અપનાવ્યું હતું. કોંગ્રેસ અને આમ આદમી પાર્ટીને બંનેને એકબીજાથી આ દસ સીટો પર એક-એક સીટનું નુકશાન ગયું હતું. તે સીટમાં દાહોદ મહિલા મતદારોએ જે દસ સીટો પર વધુ મતદાન કર્યું તેમાં પંચમહાલ જીલ્લાની સહેરા, મોરવાડહફ, દાહોદ જીલ્લાની લીમખેડા, દેવગઢબારીયા, સુરત શહેરની ઉધના, ચોર્યાસી,વલસાડ જીલ્લાની વલસાડ અને ઉમરગાંવ, નવસારી જીલ્લાની એક સીટ જલાલપોર તેમજ ડાંગ સીટનો સમાવેશ થાય છે. આ તમામ સીટોમાંથી લીમખેડા અને ડાંગ સીવાયની આઠે-આઠ સીટોમાં ભાજપના ઉમેદવારોને કોંગ્રેસ, તેના સાથી પક્ષ અને આપના ઉમેદવારોના વોટ ભેગા કરો તો પણ કોઈ નુકશાન વગર મોટી લીડ સાથે જીત મળી હતી. લીમખેડા સીટમાં ભાજપના ઉમેદવારને ૬૮,૫૦૨, આપના ઉમેદવારને ૬૪૦૮૩ અને કોંગ્રેસના ઉમેદવારને ૭૫૮૩ મત મળ્યા તેમજ ડાંગમાં ભાજપ ઉમેદવારને ૬૧,૯૧૩ મત, કોંગ્રેસના ઉમેદવારને ૪૨૩૩૨ મત અને આપના ઉમેદવારને ૨૦૨૧૦ દસ મત મળ્યા હતા. આ બંને સીટમાં આપ અને કોંગ્રેસના ઉમેદવારોના મત ભેગા કરવામાં આવે તો ભાજપના ઉમેદવારની હાર દેખાતી હતી. આમ લીમખેડા સીટ પર કોંગ્રેસ નડી આમ આદમી પાર્ટીને અને ડાંગ બેઠક પર આમ આદમી પાર્ટી નડી કોંગ્રેસને તેવું સ્પષ્ટ જોવા મળે છે. વિરોધપક્ષોએ ભાજપને પછાડવા માટે મોંઘવારીના મુદ્દાને ચગાવીને ફ્રી વિજળી, સ્વાસ્થય અને શિક્ષણ આપવાના વાયદા કર્યા તેને મહિલાઓએ ફગાવી ભાજપની પડખે બેસવાનું પસંદ કર્યું હતું.

૨૯ વર્ષીય હાર્દિક સૌથી નાનો

ભાજપના ચૂંટાયેલા ૧૨૯ ધારાસભ્યો કરોડપતિ

નવા ચૂંટાયેલા ધારાસભ્યોમાં ૯૩ ધારાસભ્ય ગ્રેજ્યુએટ કે તેનાથી વધુ ભણેલા છે, જેમાંથી સૌથી ૮૦ ધારાસભ્ય ભાજપના છે

અમદાવાદ, તા.૯

ગુજરાત વિધાનસભાની ચૂંટણીના પરિણામ જાહેર થઈ ચૂક્યા છે. આ પરિણામો સાથે જ ભાજપે ઐતિહાસિક જીત હાસલ કરી છે. ભાજપે ૧૫૬ બેઠકો, કોંગ્રેસ ૧૭, આપ ૫ અને અન્યને ૪ બેઠકો મળી છે. આવામાં આપણે નવા ચૂંટાયેલા ધારાસભ્યોમાં સૌથી વધુ ભણેલા, ગુનાહિત ઈતિહાસ ધરાવતા ધારાસભ્ય, સૌથી નાના ધારાસભ્ય, સૌથી પૈસાદાર ધારાસભ્યની વાત કરીશું. નવા ચૂંટાયેલા ધારાસભ્યોમાં ૯૩ ધારાસભ્ય ગ્રેજ્યુએટ કે તેનાથી વધુ ભણેલા છે. જેમાંથી સૌથી ૮૦ ધારાસભ્ય ભાજપના છે. ૧૦ ઉમેદવાર કોંગ્રેસના અને ૨ ઉમેદવાર આપના છે. ધોરણ ૧૧ અને ૧૨ સુધી ભણેલા હોય તેવા ૩૯ ધારાસભ્ય છે. ધોરણ ૧થી ૧૦ સુધી અભ્યાસ કર્યો હોય તેવા ૫૦ ધારાસભ્ય નવી વિધાનસભામાં જોવા મળશે. ગુનાહિત ઈતિહાસ ધરાવતાં ધારાસભ્યોની વાત કરીએ તો, ૪૦ ધારાસભ્યો એવા છે જેઓ ગુનાહિત ઈતિહાસ ધરાવે છે. જેમાં સૌથી ૨૭ ભાજપના, ૮ કોંગ્રેસના, ૨ આપના ઉમેદવારનો સમાવેશ થાય છે. ભાજપના વિરમગામના ધારાસભ્ય હાર્દિક પટેલ સામે સૌથી વધુ ૨૨ કેસ છે. નોંધનીય છે કે, વર્ષ ૨૦૧૭માં આવે ધારાસભ્યોની સંખ્યા ૪૭ હતી. ઉંમર પ્રમાણે ધારાસભ્યની વાત કરીએ તો, વિરમગામથી ભાજપના વિજેતા ઉમેદવાર હાર્દિક પટેલ ૨૯ વર્ષના છે. જ્યારે સૌથી મોટી ઉંમરના ધારાસભ્ય માંજલપુરના ૭૬ વર્ષીય યોગેશ પટેલ છે.

માલધારીઓએ પોતાના ઢોરનું રજિસ્ટ્રેશન કરાવવું ફરજિયાત

રાજકોટમાં રખડતા ઢોરને લઇ તંત્ર એક્શનમા : તમામ માલધારીઓને જાહેરનામાનો અમલ કરવા જણાવાયું છે અને અમલ ન કરનારા સામે કડક કાર્યવાહી કરાશે

રાજકોટ,તા.૯

રાજકોટમાં રખડતા ઢોર પર નિયંત્રણ લાવવા માટે પોલીસ કમિશનરે જાહેરનામું બહાર પાડ્યું છે. હવે માલધારીઓ માટે પોતાના ઢોરનું રજિસ્ટ્રેશન કરાવવું ફરજિયાત કરવામાં આવ્યું છે. ૧૨મી ડિસેમ્બરથી નવું જાહેરનામું શહેરમાં લાગૂ કરવામાં આવશે. ઢોર માલિક ઢોર વેચે તો તેનું નામ ટ્રાન્સફર કરાવવાનું રહેશે. ઢોરનું મૃત્યુ થાય તો રાજકોટ મહાનગરપાલિકાને જાણ કરવાની રહેશે અને જો કોઈ બિનવારસી ઢોર પકડાશે તો તેને એનિમલ હોસ્ટેલમાં મોકલી આપવામાં આવશે. આ જાહેરનામાનો ભંગ કરનાર સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

જાહેરનામાં અનુસાર, હવે રાજકોટમાં તમામ માલધારીઓએ તેમના ઢોરનું રજીસ્ટ્રેશન ફરજીયાત કરાવવાનું રહેશે. તેના માટે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા ટેગિંગ કરવામાં આવશે. ૧૨ ડિસેમ્બરથી અમલમાં આવનારા આ જાહેરનામાં અનુસાર, હવે રાજકોટ મહાનગરપાલિકા રખડતા ઢોરની સમસ્યાનું નિરાકરણ પણ લઈને આવી છે.

મહાનગરોમાં રખડતા ઢોરનો મોટો ત્રાસ છે ત્યારે હવે રાજકોટ મહાનગરપાલિકા રખડતા ઢોરથી શહેરને આઝાદ કરવા માટે બિનવારસી ઢોરને એનિમલ હોસ્ટલમાં રાખશે. તમામ માલધારીઓને જાહેરનામાનો અમલ કરવા જણાવાયું છે અને અમલ ન કરનારા સામે કડક કાર્યવાહી કરાશે.અહીં તમને જણાવી દઈએ કે, આ પહેલા રાજ્ય સરકાર કાયદો લઈને આવી હતી. જેનો મોટા પાયે વિરોધ થતા કાયદો પરત ખેંચવાની ફરજ પડી હતી.